For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

લોકસભા ચૂંટણી કાર્યાલયના ઉદ્ઘાટન દરમિયાન ધારાસભ્યની માર્મિક ટકોર

શૈલેષ મહેતાનો બાલુ ઢોલારને ટોણો 'જ્યાં રહો ત્યાં વફાદારીથી રહેવું જોઈએ'

નવી વહુ સાસરે જાય ત્યારે બહુ વખાણ થાય પરંતુ પરત આવે ત્યારે જોવાનો નજરીયો બદલાઈ જાય : શૈલેષ મહેતા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 18

લોકસભાની ચૂંટણીઓના પડઘમ શરૂ થઈ ગયા છે ત્યારે ચૂંટણી પ્રચાર પણ પૂરજોશમાં ચાલી રહ્યો છે ડભોઈના ધારાસભ્ય શૈલેશ મહેતા એક જાહેર સભામાં ભાજપમાંથી કોંગ્રેસમાં અને પરત ભાજપમાં આવેલા બાલકૃષ્ણ ઢોલાર ને નિશાન ટાંક્યું હતું અને ટોણો માર્યો હતો. તેઓ જણાવ્યું હતું કે જ્યાં રહો તે વફાદારી સાથે રહેવું જોઈએ.

રાજકારણમાં જોડતોડ અને પક્ષ પલટો એ નવી બાબત નથી ત્યારે 2022માં ભાજપમાં ડભોઈ વિધાનસભા બેઠકો પરથી પોતાના પુત્રની ટિકિટ ન મળતા બાલકૃષ્ણ ઢોલાર કોંગ્રેસમાં ગયા હતા. જોકે ત્યાર બાદ પુનઃ થોડા મહિનાઓ અગાઉ પુનઃ ભાજપામાં જોડાઈ ગયા હતા. હાલમાં ચુંટણી પ્રચાર ચાલી રહ્યો છે ત્યારે ડભોઈ ખાતે ધારાસભ્ય શૈલેશ મહેતાએ એક સભા યોજી હતી જેમાં તેઓએ બાલકૃષ્ણને ટોણો માર્યો હતો કે જ્યાં રહો ત્યાં વફાદાર રહેવું જોઈએ. તેઓએ ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે નવી વહુ સાસરે જાય ત્યારે તેને ખૂબ વખાણ થાય પરંતુ પરત આવે તો લોકો અલગ નજરથી જુએ છે. અને માન ઘટી જાય. ત્યારે જ્યાં રહો ત્યાં વફાદારી સાથે રહેવું જોઈએ. ધારાસભ્યની આ ટકોરથી ક્ષણિક હાસ્ય પણ ફેલાયું હતું.

રંજનબહેનની અર્થ બિલ્ડર અને પારુલ યુનિવર્સીટીમાં ભાગીદારીનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 18

લોકસભાની ચૂંટણીના મંડાણ થઇ ગયા છે. ત્રીજી વખત રિપીટ કરાયેલા ઉમેદવાર રંજનબહેન ભટ્ટ સામે ભ્રષ્ટાચારના આરોપો કરવામાં આવી રહ્યા છે. અગાઉ પૂર્વ મેયરે આક્ષેપ કર્યા હતા અને હવે ભાજપાના સભ્ય અને કરણી સેનાએ સાથે સંકળાયેલા મહેન્દ્રસિંહ રાઠોડ દ્વારા શહેર પ્રમુખને આવેદનપત્ર આપી આક્ષેપો કર્યા હતા. તેઓએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે રંજનબહેનની અર્થ બિલ્ડર સાથે ભાગીદારી છે ઉપરાંત પારુલ યુનિવર્સીટી સાથે પણ ભાગીદારી હોવી જોઈએ કારણ કે એમ.એસ.યુનિવર્સીટીના હાલ બેહાલ છે અને પારુલ યુનિવર્સીટીની બોલબાલા કરે છે. તેઓએ એમ જણાવ્યું હતું કે બરાનપુરાના અંજુ માસી ચાલશે પણ બની બેઠેલા રંજનમાસી નહિ ચાલે.

દુભાયેલું આંતરિક જૂથ પાછલા બારણે સામે પડ્યું

વર્તમાન સાંસદ અને લોકસભા ચૂંટણી માટેના ભાજપાના ઉમેદવાર રંજનબહેન ભટ્ટ સામે દુભાયેલા કેટલાક કાર્યકરો પાછલા બારણે આંતરિક ડખા ઉભા કરી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. ભાજપાના જ કાર્યકરો તેઓના ઉમેદવારનો વિરોધ કરી રહ્યા છે. ત્યારે જેઓ ખુલીને સામે નથી આવી રહ્યા તેઓ પાછલા બારણે કેટલાકને હાથો બનાવી પોતાની વાત પહોંચાડી રહ્યા છે તેવી પણ ચર્ચા છે.

મંગળ બજારની ગાદલા-કવરની દુકાનમાં ભીષણ આગ

મંગળ બજાર ખાતે આવેલ ગાદલા અને કવર ની દુકાનમાં આગ લાગી હતી. આગ લાગવાની ઘટના ફાયર બ્રિગેડ ને જાણ થતાં જ વડોદરા ફાયર બ્રિગેડ ની ટીમ ઘટના સ્થળે પહોંચી ને આગ ને કાબુ કરી હતી અને દુકાનમાં રાખલ સામન બળી ને ખાક થઇ ગયો હતો અને આગ લાગવાનું કારણ કરવામાં આવશે અને આગ ની જાણ દુકાન માલિક ને થતાં જ દુકાન માલિક અને સ્થાનિક લોકો ભેગા થઈ ગયા હતા. **(તસવીર : રણજીત સૂર્વે)**

છેલ્લા 4 વર્ષમાં ધો.12 સાયન્સનું ગણિતનું પેપર પાઠ્ય પુસ્તક આધારિત નિકળ્યું

ધો.10 અને 12 સા.પ્રવાહનું પેપર સરળ રહેતા પરિક્ષાર્થીઓમાં ખુશીની લહેર

ગત વર્ષની તુલનાએ આ વખતે બોર્ડના પેપર અત્યાર સુધી તમામ સરળ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

બોર્ડની પરીક્ષા ચાલી રહી છે. ત્યારે ધો.10 નું વિજ્ઞાનનું ,ધો.12 સા.પ્રવાહનું વાણિજ્ય વ્યવસ્થા અને સાયન્સ ધો.12 ગણિતના વિષયની પરીક્ષા લેવાઈ હતી. જે તમામ પેપર સરળ અને પાઠ્ય પુસ્તક આધારિત રહ્યું હતું.જેથી વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર ફેલાઈ હતી.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા ચાલી રહી છે. ત્યારે ગત વર્ષની તુલનાએ આ વર્ષે શરૂઆતથી ધો.10 અને 12ના પેપર સરળ અને પાઠ્ય પુસ્તક આધારિત જ નીકળ્યા હતા. જેથી આ વર્ષે વિદ્યાર્થીઓ ફાવી ગયા છે. ધોરણ 10 વિજ્ઞાન નુ પેપર સરળ નીકળતા વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર ફેલાઈ હતી. કેટલાક પ્રશ્નો એવા પૂછાયા હતા કે એમાંથી જ વિદ્યાર્થીઓને જવાબ મળી જાય તેવા હતા. જેના કારણે વિદ્યાર્થીઓને સરળતા રહી હતી. પહેલાના વર્ષોમાં લેવાયેલી પરીક્ષાના પેપરની તુલનાએ આ વર્ષે આકૃતિ ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો અને આકૃતિ દોરવી ફરજીયાત હતી. મોટાભાગના પ્રશ્નો પાઠ્યપુસ્તક આધારિત જ હતા. પેપર ખૂબ સરળ રહેતા વિદ્યાર્થીઓ સારી રીતે સ્કોરિંગ માર્ક મેળવી શકે એ પ્રકારનું હતું.ધો.10ના વિદ્યાર્થી વરુણે જણાવ્યું હતું કે પેપર મને થોડું અઘરું લાગ્યું હતું. કેટલાક પ્રશ્નો એવા હતા કે જે કન્ફ્યુઝ કરી દેય, ટૂંકા હતા પણ અઘરા લાગ્યા જ્યારે સેક્શન એ મને સરળ લાગ્યો હતો. જ્યારે ધો.12ના વિદ્યાર્થી ચિરાયુંએ જણાવ્યું હતું કે પેપર લેંધી લાગ્યું ન હતું અને ખૂબ સરળ હતું પાઠ્ય પુસ્તક આધારિત જ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. મારુ પેપર સમય કરતાં વહેલા પૂરું થઈ ગયું હતું.

શું કહે છે શિક્ષણવિદો

ધો.10 વિજ્ઞાનનું પેપર એકંદરે મધ્યમ કહી શકાય. વિભાગ C પ્રમાણમાં અઘરો હતો. જ્યારે A, B, D, સહેલા હતા. વિભાગ A નો ચોથો વિકલ્પ ગૂંચવી નાખે તેવો હતો. પ્રશ્ન 28,36,41,43,45,51 અને 53 આકૃતિ આધારિત હતો. પ્રશ્ન 32 અને 44 માં દાખલો પૂછવામાં આવ્યો હતો. જોકે પેપર સમય મર્યાદામાં લખી શકાય તેવું હતું. **- મેહુલ જે શાહ,** શિક્ષક

ધો.12નું વાણિજ્ય વ્યવસ્થાનું પેપર હતું. જે એકદમ સરળ નીકળ્યું હતું ટેક્સબુક આધારિત પ્રશ્ન હતા. અને માર્ક્સ પ્રમાણેના કમ્પ્લેટ એરેન્જ કરીને પૂછવામાં આવેલા હતા.એટલે કોઈ મોટો પ્રશ્ન નહીં કોઈ નાનો પ્રશ્ન નહીં. બહુ વિકલ્પ હોવાથી વિદ્યાર્થીઓ સરળતા થી આજે પેપર લખી શક્યા છે. વિદ્યાર્થીઓથી પેપર પૂરું થાય એ પ્રકારે ગોઠવણી કરેલી હતી. દરવખતે પેપર લેંધી લાગતું હતું પણ આજના પેપરમાં એવું નથી લાગ્યું. **- દત્તરાજ રાઉલજી,** શિક્ષક

ગણિતનું પેપર ખૂબ સરળ હતું. જે વિદ્યાર્થીઓએ સારી તૈયારી કરી હશે તેવા વિદ્યાર્થીઓને ધાર્યા કરતા 15 મિનિટ પહેલા પેપર પૂરું કરી શકે તેવું હતું. સરળ પેપર હોવાના કારણે અને ટેક્સ બુકમાંથી જ દાખલા પૂછાયા હોવાથી વિદ્યાર્થીઓને પેપર સહેલું લાગ્યું છે. ગયા વર્ષની તુલનાએ ખૂબ સરળ અને વહેલું પેપર પૂરું થાય એવું હતું. **- નીરવભાઈ જોશી ,** સત્યમ ગ્રુપ ઓફ એજ્યુકેશન

ગરમીનો પારો વધતા મહત્તમ તાપમાન 36 ડિગ્રી નોંધાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 18

ઉનાળાની ધીમે પગલે શરૂઆત થઈ ગઈ છે. તાપમાનનો પારો ધીમે ધીમે ઊંચો ચઢી રહ્યો છે. થોડા દિવસ અગાઉ મહત્તમ તાપમાન 34 ડિગ્રીએ પહોંચ્યું હતું જે હવે વધીને 3 ડિગ્રીએ પહોંચ્યું છે. બપોરના સમયે ફરજીયાત પંખા અને એસીનો ઉપયોગ કરવો પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે ગરમીના કારણે ઠંડા પીણાનો ઉપયોગ પણ હવે વધ્યો છે.

હોળી નજીક આવતાની સાથે જ ઉનાળાની ધીમે પગલે શરૂઆત થઈ ગઈ છે. હોળી, ધુળેટી બાદ ઉનાળો આકરો બનવા માંડશે. જો કે હાલમાં પણ બપોરના સમયે સૂર્યદેવ આકરા લાગી રહ્યા છે. શહેરના તાપમાનમાં 2 ડિગ્રીનો વધારો જોવા મળી રહ્યો છે. સોમવારે શહેરનું મહત્તમ તાપમાન 36 ડિગ્રી નોંધાયું હતું. તો ન્યુનતમ તાપમાન 22 ડિગ્રી જોવા મળ્યું હતું. તાપમાનમાં વધારો અને ઘટાડો બીમારીનું કારણ બની રહ્યો છે. રાત્રીના સમયે હજુ પણ ઠંડીનો ચમકારો જોવા મળે છે.

બંને મૃતદેહોને પીએમ માટે SSGમાં ખસેડયાં, ચાલક, કોન્ટ્રાક્ટર તથા બિલ્ડરની તપાસ

કપુરાઈ ગામે રોડ પર ઊંઘી રહેલા બે શ્રમિકોને ડમ્પર ચાલકે કચડી નાખ્યાં

ડભોઇ રોડ પર શિવાંશ બંગ્લોઝની નવી બંધાતી સાઇટ પર માટી નાખવા માટે રાત્રીના ડમ્પરે રિવર્સ લેતાં ઘટના સર્જાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા જિલ્લામાં ડભોઇ રોડ પર કપુરાઇ ગામની સીમમાં શિવાંશ બંગ્લોઝ નામની સાઇટની કામગીરી ચાલી રહી છે. જેમા ઘણા શ્રમિક ત્યાં ઝુપડા બાંધીને કામગીરી કરી રહ્યા છે. રવિવારે રાત્રીના સમયે બે શ્રમિક યુવકો રોડ પર પથાર કરી મીઠી નિંદર માણી રહ્યા હતા ત્યારે મોડી રાતના સમયે માટી નાખવા આવેલા ડમ્પર ચાલકે રિવર્સ લેવા જતા બંને યુવકો પર પૈડા ચડાવી દઈને કચડી નાખ્યા હતા. જેના કારણે બંને ઘટના સ્થળ પર મોત નિપજ્યા હતા. વરણામા પોલીસે બંને લાશને પીએમ માટે સયાજી હોસ્પિટલમાં ખસેડી હતી.

ડભોઇ રોડ પર કપુરાઇ ગામની સીમમાં શિવાંસ બંગ્લોઝની નવીન સાઇટનું બાંધકામ ચાલી રહ્યું છે. ત્યાં કામ કરતા શ્રમિક કમલભાઈ સુરતાનભાઈ ભાંભોરે પોલીસ ફરિયાદ નોંધાવી છે કે 17 માર્ચના રોજ સાઇટ પર કામગીરી પતાવીને જમ્યા બાદ પોતાના ઝુપડામા ઉંઘી ગયા હતા. જ્યારે મારો ભાઇ નારુભાઈ ભાંભોર તથા અકલેશ બાબુ કટારા ઝુપડાની સામે બાંધકામની સાઇટના મેટલ તથા માટી પાથરેલા કાચા રસ્તા પર સતા હતા. તે દરમિયાન રાતના અગિયાર વાગ્યા બાદ સાઇટ પર સોસાસટીના અલગ અલગ રોડ પર માટી નાખવા ડમ્પરો માટીના ઢગલા કરી જતા રહેતા હતા. સવારે હુ ઉઠ્યો હતો ત્યારે મારા ભાઇ સહિત બે જણા જોવા મળ્યા ન હતા. જેથી તેમની શોધખોળ કરી હતી પરંતુ પતો લાગ્યો ન હતો. મે અન્ય શ્રમિકો સાથે મળીને માટીના ઢગલા હટાવીને જોતા નારુ તથા અકલેશ ત્યાં દબાઇને મૃત હાલતમા મળી આવ્યા હતા. વરણામા પોલીસે બિલ્ડર તથા કોન્ટ્રાક્ટ, ડમ્પરના ચાલકો વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા. વરણામા પોલીસ દ્વારા બંનેના મૃતદેહોને પીએમ માટે સયાજી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

એક શ્રમિકનું માથું છુંદાઇ ગયું, અન્ય આંતરડા બહાર આવી જતા અરેરાટી

કપુરાઇ ગામની સીમમાં નવી બંધાતી સાઇટ પર છેલ્લા કેટલાક મહિનાઓ મધ્યપ્રદેશના શ્રમિકો પોતાના પરિવાર સાથે ત્યાં ઝૂપડા બાંધી રહે છે અને કામગીરી પણ કરતા હોય છે. દરમિયાન 17 માર્ચના રોજ રાત્રીના તમામ શ્રમિકો જમીન પરવારની ઊંઘી ગયા હતા ત્યારે માટી ખાલી કરવા માટે આવેલા ડમ્પરના ચાલકો દ્વારા રોડ પર ઊંઘી રહેલા બે મજૂરો રિવર્સ લેતા કચડી નાખતા નારુભાઇનું માથુ ફાટી જવા સાથે આતરડા બહાર નીકળી ગયા હતા જ્યારે અકલેશનું આખુ માથુ છુદાઇ ગયું હતું.

341 સ્કૂલોમાં 2836 બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા ચાલશે

આરટીઈ પ્રવેશ પ્રક્રિયા : પાંચ દિવસમાં 5191 ફોર્મ ભરાયા, 26 માર્ચ સુધી ફોર્મ ભરાશે

5 એપ્રિલે આરટીઈની પ્રથમ પ્રવેશ યાદી જાહેર થશે

(પ્રતિનિધિ) વડોદરા તા.18

રાઈટ ટુ એજ્યુકેશન એકટ હેઠળ ગત તા.14 માર્ચથી પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. જે આગામી 26 માર્ચ સુધી ચાલશે. ત્યારે છેલ્લા 5 દિવસમાં કુલ 5191 વાલીઓએ વિદ્યાર્થીઓના આરટીઈ હેઠળ પ્રવેશ મેળવવા ફોર્મ ભર્યા છે. જ્યારે આગામી 5 એપ્રિલના રોજ પ્રથમ યાદી જાહેર કરવામાં આવશે.

પોતાના બાળકને આરટીઈ હેઠળ ખાનગી શાળામાં પ્રવેશ અપાવવા માટે ગરીબ અને મધ્યમવર્ગના વાલીઓ દર વર્ષે આતુરતાથી રાહ જોતા હોય છે. ત્યારે સરકાર દ્વારા વર્ષ 2024 માટેની આરટીઈ પ્રવેશ પ્રક્રિયાની તારીખ જાહેર કરવામાં આવી હતી. 14 માર્ચથી શરૂ કરવામાં આવેલી આરટીઈ પ્રવેશ પ્રક્રિયા આગામી 26 માર્ચ સુધી ચાલનાર છે. ત્યારે વડોદરા શહેરમાં છેલ્લા પાંચ દિવસમાં 5191 ફોર્મ ભરાયા હતા. પ્રતિવર્ષે હજારોની સંખ્યામાં વાલીઓ દ્વારા આરટીઈ માં પ્રવેશ લેવા માટે અરજી કરવામાં આવતી હોય છે જોકે બેઠકો ઓછી હોવાના કારણે મેરીટના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવતો હોય છે ગત વર્ષે શહેરમાં આઠ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓએ આરટીઈમાં પ્રવેશ માટે ફોર્મ ભર્યા હતા. જોકે તેની સામે માત્ર 3000 જેટલી બેઠકો જ હોવાથી 5,000 જેટલા વિદ્યાર્થીઓ આ પ્રક્રિયા હેઠળ પ્રવેશ મેળવી શક્યા ના હતા. હાલ ચાલુ વર્ષ ની આરટીઇ ની પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી ગઈ છે ત્યારે વીતેલા પાંચ દિવસમાં 5191 ફોર્મ ભરાયા છે. ઉલ્લેખનીય છે કે શહેરમાં 341 સ્કૂલોમાં 2836 બેઠકો સામે આ વર્ષે આશરે આઠથી નવ હજાર ફોર્મ ભરાય તેવી શકયતા છે. ત્યારે ગતવર્ષની જેમ આ વર્ષે પણ હજારો વિદ્યાર્થીઓ આરટીઈ હેઠળ પ્રવેશ મેળવવાથી વંચિત રહેશે. આગામી 5 એપ્રિલના રોજ પ્રથમ પ્રવેશની યાદી જાહેર કરાયા બાદ બાકી રહેલા વિદ્યાર્થીઓની બીજી પ્રવેશ યાદી જાહેર કરવામાં આવશે તેવી માહિતી મળી હતી.

શહેરના પ્રથમ પ્લાઝા નજીક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.18

શહેરના કંટ્રોલ રૂમને મળેલ માહિતીના આધારે સોમવારે શહેરના પ્રથમ પ્લાઝા મા આવેલા બી ટાવર બી-01 ટાવરમાં આશરે ત્રીજા માળ જેટલી ઉંચાઇ પર ફ્લેટના ડમ્પ એરિયામાં કેબલ વાયર ગળામાં ફસાઇ ગયેલ હોય તેવી રીતે એક 75 વર્ષીય સિનિયર સિટીઝન અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી અજાણ્યા મૃતદેહને તેની ઓળખ તથા મૃત્યુ અંગેનું કારણ જાણવા અંગે પોસ્ટમોર્ટમ અર્થે એસ.એસ. જી.હોસ્પિટલમાં ખસેડી તપાસ હાથ ધરી હતી. પોલીસે આસપાસના વિસ્તારોમાં પૂછપરછ તથા સીસીટીવી ચકાસણી સહિત અજાણ્યા પુરુષની લાશને પોસ્ટમોર્ટમ અર્થે સયાજી હોસ્પિટલમાં ઓળખ માટે ની તપાસ હાથ ધરી છે.

ને.હા.નં.48 પર લાકોદરા પાટીયા નજીક પુનાથી અમદાવાદ જતી લકઝરીમાં આગ

બસ ચાલક સહિત વીસ જેટલા મુસાફરોનો આબાદ બચાવ

આગથી બસને મોટું નુકસાન થયું, ફાયરબ્રિગેડે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા પાસેથી નેશનલ હાઇવે નં-48 પરથી સોમવારે સવારે પુનાથી અમદાવાદ જતી ખાનગી લક્ઝરી બસમાં અચાનક આગ લાગી હતી આ બસમાં 20 જેટલા મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા. તેવામાં લક્ઝરી બસ લાકોદરા પાટીયા પાસે પહોંચતા જ અચાનક આગ લાગી હોવાનું બસ ચાલકના ધ્યાનમા આવ્યું હતું. બસ ચાલકની સમય સૂચકતા અને સતર્કતાથી તમામ 20 મુસાફરોને સાવચેતી પૂર્વક ઉતારી દેવાયા હતા. જોત જોતામાં લક્ઝરી બસ આખી અંદરથી આગમાં હોમાઇ ગઇ હતી. આ ઘટનામાં બસની અંદરના ભાગે મોટું નુકશાન થયું હોવાનો અંદાજો છે લક્ઝરી બસમાં આગને કારણે બસ ધૂ..ધૂ..કરતી સળગી હતી જેની જ્વાળાઓને કારણે આસપાસ વાહનવ્યવહાર ની અવરજવર પણ અટકી ગ ઇ હતી.

આ ઘટના અંગે ફાયર વિભાગ અને પોલીસને જાણ કરવામાં આવતા ફાયરબ્રિગેડ ની તથા પોલીસની ટીમે ઘટનાસ્થળ પર પહોંચીને કાર્યવાહી હાથ ધરી હતી. ફાયરના લાશ્કરોએ આગ પર ભારે જહેમત બાદ કાબુ મેળવ્યો હતો બીજી તરફ પોલીસ દ્વારા ટ્રાફિક જામ થઇ ગયો હતો તેનું નિયમ કરવાની સાથે ફાયરની કામગીરીમાં કોઇ વિક્ષેપ ન પડે તેના પર નજર રાખવામાં આવી હતી. આગની ઘટના પાછળનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોવાનું સુત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે. જો કે ડ્રાઇવરની સતર્કતાને કારણે તમામ મુસાફરોનો આબાદ બચાવ થતાં સૌએ ડ્રાઇવરને વધાવી લીધો હતો.

પોલીસ કોન્સ્ટેબલે પણ તુરંત કૂવામા ઝંપલાવી મહિલાને સહીસલામત બહાર કાઢી

પોલીસ કર્મીએ જાનની બજાવી લગાવી કૂવામાં કૂદેલી મહિલાને બચાવી

કોયલી ગામમાં જમીન સંપાદનને લઇને વિરોધ કરી રહેલા લોકો પૈકી એક મહિલાએ પગલુ ભર્યુ હતું

(પ્રતિનિધિ) વડોદરા તા.18

કોયલી વિસ્તારમાં આઇઓસીએલ કંપનીના દ્વારા જમીન સંપાદનની કામગીરી કરાઇ રહી હતી. તે દરમિયાન જમીનના વળતરને લઇને રહીશો વિરોધ કરી રહ્યા હતા.ત્યારે કંપની દ્વારા પોલીસ બંદોબસ્ત લેવાની ફરજ પડી હતી અને ગામમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ત્યારે રોષે ભરાયેલી એક મહિલાએ ત્યાં આવેલા અંદાજે 20 ફુટ ઉંડા કુંવામા ભૂસ્કો મારી દીધી હતો. દરમિયાન ત્યાં હાજર પોલીસ કર્મીએ રાજેશભાઇ એક પળનો પણ પોતાની જાનનો વિચાર કર્યા વિના તેની પાછળ કૂવામાં કુદી પડ્યા હતા અને ત્યા હાજર અન્ય મહિલા કોન્સ્ટેબલ કલ્પનાબેન લાખાભાઇ, સોનિયાબેન પ્રદિપભાઇ અને પીએસઆઇ ચાવડાએ મહિલાને સહી સલામત રીતે બહાર કાઢવામાં આવી હતી. જોકે મહિલા ને કોઇ પ્રકારની ગંભીર ઈજા થઇ ન હતી. પરંતુ પોલીસ કર્મચારીના હાથમાં ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

એક PSI અને 10 પોલીસ કર્મીનો બંદોબસ્ત ગોઠવ્યો હતો

આઇઓસીએલ કંપની દ્વારા કોયલી ગામમાં જમીન સંપાદનની કામગીરી કરાતી હતી. ત્યારે લોકો દ્વારા ભારે વિરોધ કરી રહ્યા હતા. ત્યારે કંપની તરફથી પોલીસ બંદોબસ્ત માગતા જવાહરનગર પોલીસ સ્ટેશનના એક પીએસઆઇ તથા 10 પોલીસ કર્મચારીઓને બંદોબસ્તમાં મુકવામાં આવ્યા હતા. પરંતુ જમીન સંપાદનને લઇને એક મહિલા 20 ફુટ ઉંડામાં કૂવામાં કૂદકો મારી દીધો હતો. જેને બચાવવા માટે જવાહરનગરના પોલીસ કોન્સ્ટેબલ રાજેશભાઇ હજાભાઇએ પોતાનો જીવ જોખમમાં નાખીને મહિલાની પાછળ કૂવામાં કુદી પડ્યા હતા અને તેમને બચાવી લીધા હતા. જેથી જવાહરનગર પોલીસની ટીમે સારી કામગીરી કરીને એક મહિલાનો જીવ બચાવ્યો છે.

પોલીસ કર્મીના સન્માન માટે મારા ઉપરી અધિકારીઓને રજૂઆત કરીશ

જવાહરનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવાત પોલીસ કોન્સ્ટેબલ રાજેશભાઇ હાજાભાઇએ મહિલાનો જીવ બચાવીને પોલીસ પ્રજાની મિત્ર છે તે પંક્તિને સાર્થક કરી બતાવી છે. તેમની પ્રશંસનીય કામગીરીથી સમગ્ર વડોદરા શહેર પોલીસ ગૌરવ લાગણી અનુભવે છે. જેથી સમગ્ર પોલીસ વિભાગ તરફથી હુ પોલીસ કોન્સ્ટેબલની હિંમતને દાદ આપી તથા તેમની કામગીરી બિરદાવી રહ્યો છે. આ પોલીસ કર્મીનુ સન્માન કરવામાં આવે માટે મારા ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરીશ. **- આર ડી કવા,** એસીપી

ઓડિઓવાળી પેનડ્રાઇવ આપવાના બહાને છત પર બોલાવી દુષ્કર્મ કર્યું

ઈન્ટર્ન તબીબ દ્વારા અન્ય વિદ્યાર્થિનીઓને ફસાવાઈ છે કે કેમ તેની તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

ગોત્રી મેડિકલમાં મેડિકલમાં અભ્યાસ કરતા ગાંધીનગરના નિર્ભય જોષી હોસ્પિટલમાં ઈન્ટર્ન ડોકટર દ્વારા યુવતી પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. જેની ધરપકડ કર્યા બાદ પોલીસે તપાસ હાથ ધરી છે. ડોક્ટરના વાસનાનો કીડો સડવળતો હોય તેની સાથેની તમામ વાતોનું ઓડિયો રેકોર્ડિંગ કરતો હતો.

દરમિયાન 15 માર્ચના રોજ રાત્રીના સમયે ડોક્ટરે તબીબ વિદ્યાર્થીને ફોન કરી કહ્યુ હતું કે મારા ફોનમાં તારી સાથે થયેલી અશ્લીલ વાતોન રેકોર્ડિંગ છે. જો હુ કહું તેમ તુ નહી કરે તો ઓડિયો વાઇરલ કરી દઇશ તેવી ધમકી આપી હતી. વાસના ભુખ્યા તબીબે તેણી રાત્રીની 11 વાગ્યાની આસપાસમાં તારી સાથેના વાતના ઓડિયોની પેનડ્રાઇવ મેડીકલ કોલેજના છત પર આપવાના બહાને છત પર લઇ ગયો હતો. ત્યારબાદ તેની સાથે બળજબરી કરવા લાગ્યો હતો. અને તેની સાથે શારીરીક અડપલા કર્યા બાદ ઓરલ સેક્સ કર્યો હતો.

MBBSની ડિગ્રીના બદલે હાથમાં FIR આવી

ગાંધીનગરના નિર્ભય જોષી છેલ્લા ત્રણ વર્ષથી ગોત્રી મેડિકલમાં અભ્યાસ કરતો હતો. ગોત્રી હોસ્પિટલમાં ઇન્ટર્ન સિનિયર તબીબ તરીકે પણ ફરજ નિભાવતો હતો. નિર્ભય જોષીને અભ્યાસ પૂર્ણ થઇ ગયો હતો અને બે દિવસ પહેલા તેનો અભ્યાસ પૂર્ણ થયાનુ સર્ટિ પણ મળવાનું હતું. પરંતુ વિનાશકાળ વિપરીત બુદ્ધ થઇ જતા તબીબના હાથમા મેડિકલ સર્ટિ આવવાના બદલે ઈપીકો કલમ 376, 377, 306(2)હેઠળ ગુનો નોંધાયો હોવાની એફઆઇઆર આવી ગઇ હતી.